જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૭૪/૧૮

## અમદાવાદ શહેરમાં ઇંગ્લીશ દારૂના ૯ કેસોમાં વોન્ટેડ કુખ્યાત બુટલેગર રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ રાજપુતને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર માં દારૂ જુગારની પ્રવુતી નેસ્ત નાબુદ કરવા સારૂ તથા દારૂ જુગારની પ્રવુતી સાથે સંકળાયેલ ઇસમોને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન અમદાવાદ શહેર બોપલ કબીર એન્કલેવ ખાતેથી આરોપી રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ S/O ભગીરથસિંહ જાતે રાજપુત ઉવ.૩૨ રહે. મ.નં. ૦૨, રામેશ્વર બંગ્લોઝ, સહજાનંદ સ્કુલની બાજુમા, સ્વામિનારાયણ મંદિર સામે, બાપાસીતારામ ચોક, નવા નરોડા, અમદાવાદ શહેર મુળ ગામઃ- ધોબઇ, તા.બાહ જી. આગ્રા ઉતરપ્રદેશ નાને તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ અને તેની પાસેથી મોબાઇલ ફોન નંગ-૧ કિં.રૂ.૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે લીધેલ છે.

ઉપરોકત આરોપીની પુછપરછ કરતાં પોતે સને-૨૦૧૧ થી કૃષ્ણનગર તથા નિકોલ- નરોડા તથા શહેરકોટડા વિસ્તારમા ઇંગ્લીશ દારુનો વેપાર ધંધો કરે છે અને એક વર્ષ પહેલા પોતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન મા પોતાના ભાઇ તથા બીજા સાગરીતો સાથે ફાયરીંગ ના કેસમા પકડાયેલ છે કેસમા જામીન ઉપર છુટયા બાદ છેલ્લા એક વર્ષ દરમ્યાન પોતાના સાગરીતો ઇંગ્લીશ દારુના જથ્થા સાથે પકડાયેલ હોય જેથી નવેક જેટલા કેસોમા નાસતો ફરતો હોવાનુ જણાવેલ જે બાબતે તપાસ કરતા પકડાયેલ આરોપી અમદાવાદ શહેરમાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમા પ્રોહીબીશન ના ૬ કેસો તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશના **૨** કેસો તથા નિકોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ના **૧** કેસ મળી **નવ** જેટલા કેસોમાં મા વોન્ટેડ હોવાનુ જણાય આવેલ છે.

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-**

- સને ૨૦૧૧ થી અત્યારસુધીમાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ઇંગ્લીશ દારુના ચાર કેસમા પકડાયેલ
- બરોડા જેલમાં પાસા અટકાયત મા રહેલ છે.
- એક વર્ષ પહેલા મિત્રના ઝ્ઘડાની અદાવતમા પોતાના ભાઇ અને બીજા સાગરીતો સાથે સાથે ફાયરીંગના ગુન્હામાં કુષણનગર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## પ્રોહિ બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૭૯૨/૨૦૧૮ તા.૨૮.૦૮.૨૦૧૮ ના પાસા અટકાયતી **સંદીપ @ ભાટુ કૈલાશભાઇ ગોસ્વામી ઉ.વ.૨૦ રહેવાસી કાળીદાસની ચાલી ભીલવાડા રામનગર અમરાઇવાડી અમદાવાદ શહેર** ના વિરુધ્ધ અમરાઇવાડી પો.સ્ટે (૧) પ્રોહિ ગુ.ર.નં.૫૦૪૩/૧૮ (૨) ૫૦૯૦/૧૮ (૩) ૫૧૦૭/૧૮ (૪) ૫૧૪૬/૧૮ (૫) ૫૧૬૨/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ **મધ્યસ્થ જેલ લાજપોર-સુરત** ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

આજરોજ તા.૨૯/૦૮/૨૦૧૮ ના કલાક ૨૧/30 વાગ્યા થી અમો તથા અ.હે.કો. વિજયસિંહ હીન્દુજી બ.નં.૩૧૧૯ તથા અ.પો.કો. જીજ્ઞેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ તથા બીજા સ્ટાફના માણસો સિવિલ હોસ્પિટલ ગેટ નં.03 પાસે વાહન ચેકીંગમાં હતા દરમ્યાન અ.પો.કો. જીજ્ઞેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ નાઓને ખાનગી બાતમીદાર તરફથી બાતમી હકીકત મળેલ કે વિઠ્ઠલનગર ચાર રસ્તા તરફથી એક ઇસમ નામે રાજુભાઇ S/O સંગ્રામસિંહ તખતસિંહ ચૌહાણ નાનો ચાલતો ચાલતો આવતો હોય જે શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨૮/૨૦૧૮ ઈ.પી.કો. કલમ 30૭, ૨૯૪(ખ), ૧૪3, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૬, 33૨, 333, 3૫3, ૪૨૭, ૧૧૪ તથા ડેમજ ટું પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ 3, ૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ (૧) મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી હોય જે અનુસંધાને વોચ હાજર હતા દરમ્યાન સદરી ઇસમ આવતાં જેને સ્ટાફના માણસો દ્વારા કોર્ડન કરી નામઠામ પુછતાં જેણે પોતાનું નામ રાજુભાઇ S/O સંગ્રામસિંહ તખતસિંહ ચૌહાણ ઉ.વ.૨૩ ધંધો.છુટક મજુરી રહે.નીલકંઠ મહાદેવ મનુભાઇની ચાલી, અસારવા ચકલા, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર. મુળ વતન અમરાભાઇના મુવાડા તા.દહેગામ જી.ગાંધીનગર નાનું જણાવતાં જેને આજરોજ તા.૨૯/૦૮/૨૦૧૮ ના કલાક ૨૨/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

**<u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન :</u>**

## ચોરીના આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં. ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૯૬/૨૦૧૮ તા. ૨૯.૦૮.૨૦૧૮ ના પાસા અટકાયતી જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ બચ્ચુલાલ જાતે કોઠરી ઉ.વ.૨૦ રહે. ચંદનનગર, અશોકભાઇ શર્માની ચાલી, લીમડાબસ સ્ટેન્ડ, ભાર્ગવરોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર ના વિરુધ્ધ મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૬૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૫૧૧, ૪૨૭, ૧૧૪ મુજબના દાખલ થયેલ ચોરીના ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપેલ છે. તા. ૨૯.૦૮.૨૦૧૮

**<u>નિકોલ પોલીસ સ્ટેશન :</u>**

**સરદારનગર પોલીસ સ્ટેશ વાહનચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી નિકોલ પોલીસ સ્ટેશન પોલીસ**

---

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટરશ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા અ.હેડ.કોન્સ ગીતાબા નટવરસિંહ બ નં ૫૦૬૫ તથા અ.પો.કોંન્સ અનિકેતભાઈ નવનીતભાઈ બ.નં ૪૬૭૩ તથા અ પો કોંન્સ ધવલભાઈ ધનશ્યામભાઈ બ.નં ૫૨૪૯ તથા અ.લો.ર રવિરાજસિંહ કાનજીભાઈ બ.નં ૧૩૩૪ તથા બીજા સ્ટાફના માણસો નાઓએ સરદારનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૨૨૭/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ એક્ટીવા સાથે આ કામના આરોપી નાગેશ નાનેશ્વર બારકાજી જાતે કોરે ઉ.વ.૨૫ ધંધો-નાસ્તાની લારી રહે.જેઠાભાઈ રબારીના મકાનમા ચેહરનગર બંગલા એરીયારોડ નરોડા અમદાવાદ શહેરનાને ગુનાના કામે તા.૨૮/૦૮/૧૮ ના કલાક ૨૩/૫૦ વાગે સી.આર.પી.સી ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી આ કામના ફરીનુ ચોરી એ ગયેલ હોન્ડા એકટીવા રીકવર કરી વધુ તપાસ અર્થે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે સોપી ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"વેજલપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "વેજલપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.